# સરકારી વિનયન કોલેજ, કપરાડા

## મતદાર જાગૃતિ અને કેળવણી અભિયાન (SVEEP)

## અંતર્ગત

## "શિક્ષકદિનની ઉજવણી કાર્યક્રમ" નો અહેવાલ

સરકારી વિનયન કોલેજ
કપરાડા, જી.વલસાડ.
આવક નં. 192
તારીખ 8/9/2022

તા. ૦૫.૦૯.૨૦૨૨

સરકારી વિનયન કોલેજ, કપરાડા ખાતે પ્રાચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ સપ્તધારાની જ્ઞાનધારા તથા મતદાર જાગૃત્તિ અને કેળવણી અભિયાન (SVEEP) અંતર્ગત ૫મી સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી. અત્રેની કોલેજના વિદ્યાર્થીઓએ વિવિધ વિષયના અધ્યાપક તરીકેની ફરજ બખુબી અદા કરી, અધ્યાપક તરીકેનો અનુભવ પ્રાપ્ત કર્યો.

શૈક્ષણિકકાર્ય પૂર્ણ કર્યા બાદ આજના દિને પ્રાચાર્ય અને શિક્ષક તરીકે ભૂમિકા ભજવનાર સૌ વિદ્યાર્થીઓને પ્રાચાર્યશ્રી દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા. પ્રાચાર્યશ્રીએ આજના દિનના મહત્વ, શિક્ષકની વિદ્યાર્થીઓ પ્રત્યેની જવાબદારી, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જીવન વિષે માહિતી આપી. પ્રાચાર્યશ્રીએ SVEEP અંગે પણ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા. વધુમાં જણાવ્યું કે, જેના ૧૮ વર્ષ પૂર્ણ થયા છે અથવા ૧ ઓક્ટોબર, ૨૦૨૨ ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ થાય છે એ તમામ વિદ્યાર્થીઓએ મતદાર તરીકે Voter Help Application દ્વારા અથવા તો રૂબરૂ જઈ નામ વહેલી તકે નોંધાવવાનું રહેશે.

પ્રથમ વર્ષની વિદ્યાર્થીની ધૂમ કુંતાબેન અને પ્રા. અનીસ ગામીતે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જીવન વિષે વિસ્તૃત રીતે વિદ્યાર્થીઓને માહિતીગાર કર્યા. શિક્ષકદિન નિમિત્તે આચાર્ય તરીકે તૃતીય વર્ષના વિદ્યાર્થી સોનાર મિતેષ નલીનચંદ્રએ પોતાનું કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કર્યું તથા આજના દિવસનો અનુભવ કેવો રહ્યો તે પણ જણાવ્યું. આજના દિનના સર્વે શિક્ષકોનો અને સર્વે અધ્યાપકોનો પણ મિતેષે આભાર વ્યક્ત કર્યો. આભારવિધિ કુ. વૈભવી કિશનભાઈ ગાંવિતે રજુ કરી. કાર્યક્રમનું સંચાલન નિકુળ્યા પન્નાબેન રમેશભાઈએ કર્યું. આજના કાર્યક્રમમાં ૧૪ અધ્યાપકશ્રીઓ અને કર્મચારીઓ અને ૧૭૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા. સમગ્ર કાર્યક્રમ પ્રા. મનોજ પટેલના કો-ઓર્ડિશનમાં પૂર્ણ કરવામાં આવ્યો.

Govt. Arts College-Kaprada
Dist. Valsad

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.